જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૦/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૦૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૪	૦	૧૧૪	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૦૭૧	૨૬	૭૨૦૯૭	૭૩૦૮૫	૨૯	૭૩૧૧૪
કુલ		૮૮૫૯૫	૨૬	૮૮૬૨૧	૯૭૫૪૮	૨૯	૯૭૫૭૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૫	૩,૬૪,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૫૧	૫,૫૧,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૦૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૦ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૩ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૦૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૮૦૯/૨૦૨૧**

વાડજ : સનીભાઇ સુરેશચંદ્ર શાહ (ઉ.વ.૩૪)(રહે.સત્યવાદી સોસાયટી, બેન્ક ઓફ બરોડાની બાજુમા ઉસ્માનપુરા જુનાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૧ ના કલાક ૫/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના મકાનની લાકડાની બારી ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોના-હીરા જડીત દાગીના કુલ કિંમત રૂપિયા ૩,૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

નિકોલ : રીટાબહેન વા/ઓ વૈભવભાઇ પરીખ (ઉ.વ.૩૭)(રહે.રાજહંસ ફ્લેટ, રાજમંદિર રેસીડેન્સી પાસે, વી.આઇ.પી.સ્કુલની પાસે નિકોલ)એ તા.૦૩/૧૦/૨૦૨૧ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૯/૨૧ સાંજના ૮/૩૦ થી તા.૦૩/૧૦/૨૦૨૧ સવારના ૭/૧૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરના દરવાજાનું તાળૂ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૬૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ હતી.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી પી.જે.ખાટ ચલાવે છે.

વાહન ચોરી :- **સમાચાર યાદી નં.૧૮૧૦/૨૦૨૧**

બાપુનગર : કલ્પેશભાઇ ગીરીશભાઇ વ્યાસ (ઉ.વ.૪૪)(રહે.સર્વમંગલ સોસાયટી ઈન્ડીયા કોલોની રોડ બાપુનગર) એ તા.૦૩/૧૦/૨૦૨૧ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી તા.૦૨/૧૦/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન બાપુનગર લીલાનગર રોડ સર્વમંગલ સોસાયટી સામે વૃંદાવન સોસાયટી મ.નં.૧૬ પાસે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની હુન્ડાઇ વર્ના કાર નંબર જીજે.૦૧.એચ.ક્યુ.૩૧૦૭ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

દાણીલીમડા : સઇદએહમદ નઝીરએહમદ બુખારી (ઉ.વ.૨૭)(રહે.નાની અલી પોળ, ડબગરવાડ, દરીયાપુર) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૧૦/૨૦૩૨૧ ના કલાક ૧૨/૦૦ થી તા.૦૩/૧૦/૨૦૨૧ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા રામ-રહીમ ના ટેકરા ખાતે આવેલ ગુલાબખાનના પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની બોલેરો મેક્સી ટ્રક પ્લસ ગાડી નંબર જીજે.૦૧.ડી.ઝેડ.૬૫૫૫ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

ગટરમાં પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૮૧૧/૨૦૨૧**

વેજલપુર : પુનમબહેન ડો/ઓ નરેશભાઇ પરમાર (ઉ.વ.૩૫)(રહે.કેશવાણીનગરના છાપરા સિલ્વર ફલેટ પાછળ, સ્વામીનારાયણ પાર્ક, ભાઠા ગામ વાસણા) તા.૦૨/૧૦/૨૦૨૧ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે જુહાપુરા રોયલ અકબર ટાવર એચ.ડી.એફ.સી. બેંકના એ.ટી.એમ. સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે ગટરનુ ઢાંકણુ અર્ધ ખુલ્લુ હોય, તેમા પગ આવી જતા ગટરમાં પડી જતા ડુબી જતા ફાયર બ્રીગેડે પુનમબહેનને બહાર કાઢી ૧૦૮ મારફતે સારવાર માટે શેઠ વા.સા.હોસ્પીટલ ખાતે લાવતા તા.૦૨/૧૦/૨૦૨૧ રાતના ૯/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.દેસાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૧૨/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : સુપલભાઇ વિનોદભાઇ મોદી (ઉ.વ.૩૪)(રહે.શ્રી ક્રીષલા એપાર્ટમેંન્ટ, ડાહ્યીબેન હોલની સામે, આઇ.ડી.પટેલ સ્કુલની બાજુમા ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લાવતા તા.૦૩/૧૦/૨૦૨૧ સવારના ૧૧/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલકુમાર ઇશ્વરભાઇ ચલાવે છે.

રાણીપ : રોહિતભાઇ અનુપજી ઠાકોર (ઉ.વ.૨૩)(રહે.રામજીભાઇની ચાલી, કેશવનગર સુભાષબ્રીજ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે રૂમની છતના ભાગે આવેલ લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નટુભાઇ દેવાભાઇ ચલાવે છે.

વેજલપુર : કાર્તીકભાઇ મહેશભાઇ પટેલ (ઉ.વ.૪૬)(રહે.કમલેશપાર્ક સોસાયટી, રણછોડરાયજી મંદીર સામે, જીવરાજપાર્ક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૨૦૨૧ બપોરના ૪/૩૦ થી સાંજના ૭/૧૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે વેજલપુર બળીયાદેવ મંદીરની સામે સુવિધા શોપીંગ સેન્ટર દુકાન નં.૦૮ ખાતે આવેલ પોતાની "યોગી ક્લોથ ટેલર્સ" નામની દુકાનમા છતના લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

અમરાઇવાડી : ચેતનબાઇ નટવરલાલ કબીરા (ઉ.વ.૩૩)(રહે.કુલદિપ એપાર્ટમેન્ટ, નુતન સ્કુલ પાસે, હાટકેશ્વર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૧ સવારના ૯/૧૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે અમરાઈવાડી સુખરામનગર લવકુશ કોમ્પલેક્ષ દુકાન નંબર બી/૧૦ ખાતે આવેલ સિલાઇના કારખાનામાં છતના હુક સાથે કાપડની વણાટવાળી દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.